| | |
|---|---|
| દાખલ તારીખ :- | ૨૯/૦૧/૨૦૨૪ |
| નોંધણી તારીખ:- | ૨૯/૦૧/૨૦૨૪ |
| **ફેંસલ તારીખ :-** | **૨૩/૦૪/૨૦૨૬** |
| સમય ગાળો :- | વર્ષ -માસ-દિવસ<br>૦૨ ૦૨ ૨૬ |

---

**સમીના મે.પ્રિન્સીપાલ સીનીયર સીવીલ જજ સાહેબશ્રીની કોર્ટમાં, મુ.સમી.**

---

**રે. દિ. મુ. નં.૦૯/૨૦૨૪**

**આંક :- ૨૪**

**વાદી** :- ઉતર ગુજરાત વિજ કંપની લી.ડિવીઝન ઓફીસ પાટણ,
પેટા વિભાગીય કચેરી, સમીના ઈજનેરશ્રી,
સોલંકી જતિનભાઈ વસંતભાઈ, ઉ.વ.આ.પુખ્ત, ધંધો:નોકરી,
રહે. મુ.પો.તા.સમી, તા.સમી, જી.પાટણ.

**-:: વિ રૂ ઘ્ધ ::-**

**પ્રતિવાદી** :- વાઘેલા મફાભાઈ માનાભાઈ,
રહે. મુ.પો.કનીજ, તા.સમી, જી.પાટણ.

**દાવો** :- દાવો રૂા.૧૯,૭૧૯.૭૧ પૈસા વસુલ લેવા માટે.

વાદી તરફે :-વિ. વ. શ્રી એમ.કે.મકવાણા
પ્રતિવાદી તરફે :- કોઈ નથી.

**-:: ઠ રા વ ::-**

(૧) આ કામે વાદીના દાવાની ટુંકમાં હકીકત એવી છે કે, વાદી કંપની ધી ગુજરાત ઈલેકટ્રીકસીટી એકટ અન્વયે સ્થાપીત થયેલ સંસ્થા છે. જે ગુજરાત રાજયમાં વિદ્યુત શક્તિ ઉત્પાદન કરવાનુ અને વેપારી ધોરણે વિતરણ કરવાનુ કામ કરતી સંસ્થા છે.જેની એક શાખા પેટા વિભાગીય કચેરી, સમી, મુ.પો. તા.સમી, જી.પાટણ મુકામે

આવેલ છે. પ્રતિવાદી તે વાદીની સંસ્થાના ગ્રાહક છે. પ્રતિવાદીએ વાદી પાસેથી ઘર વપરાશ ના હેતુ વિજ કનેકશન મેળવવા માટે અરજી કરેલી અને તે આધારે વાદી પાસેથી વીજ પુરવઠો મેળવવા નું શરૂ કરેલું. અને તે રીતે પ્રતિવાદીએ વાદીના વીજ ગ્રાહક કાયદેસર રીતે બનેલા છો. વાદીને ત્યાં પ્રવિતાદીના ખાતામાં વિધુત કનેકશનના તા.૩૦/૧૧/૨૦૨૩ સુધીના વિધૃત વપરાશ ની બાકી લ્હેણી રકમ રૂા.૧૫,૬૮૯.૮ પૈસા તથા ડી.પી.સી. તળે મુદલ રૂા.૪૦૨૯.૯૧ પૈસા મળી કુલ લેણી રકમ રૂા.૧૯,૭૧૯.૭૧ પૈસા (અંકે રૂપિયા ઓગણીશ હજાર સાતસો ઓગણીસ અને ઈકોતેર પૈસા) બાકી લેણા રહે છે. સદર બાકી લેણા નાણા વસુલ લેવા વાદીએ પ્રતિવાદીને અનેકવાર જણાવવા છતાં તે બાકી લેણા નાણા પ્રતિવાદીએ વાદી ને ચુકવી આપેલ નથી. તેથી વાદી દ્ધારા પ્રતિવાદીનું સદરહુ વીજ કનેકશન તા.૧૫/૦૩/૨૦૨૨ ના રોજ બંધ કરવામાં આવેલ (કાપેલ) છે. અને લેખિત નોટીસો આપેલ છે છતાં પ્રતિવાદીએ રકમ ભરપાઈ કરેલ ન હોઈ, પ્રતિવાદી નું વીજ કનેકશન કાયમી ધોરણે બંધ (PDC) કરવામાં આવેલ છે. તેમ છતાં તે બાકી લેણા નાણા પ્રતિવાદીએ વાદી ને ચુકવી આપેલ નથી. તેથી વાદી એ પ્રતિવાદીને આખરી નોટીસ આપેલી. તે નોટીસ પ્રતિવાદીને મળી ગઈ, હોવા છતાં વાદી ના બાકી લેણાં નાણાં પ્રતિવાદીએ ચુકવી આપેલા નહી. તેથી સીવીલ પ્રોસીજર કોડની જોગવાઈઓ મુજબ તથા કુદરતી ન્યાય ના સિધ્ધાંતો મુજબ આ દાવો દાખલ કરતા અગાઉ અમો વાદીની બાકી લેણી રકમ વસુલ લેવા પ્રતિવાદીને અમારા વકીલ શ્રી એમ.કે.મકવાણા મારફત તા.૦૬/૧૧/૨૦૨૩ ના રોજ રજી.પો.એ.ડી.થી નોટીસ આપેલી છે. સદર નોટીસ પ્રતિવાદીને કાયદેસર રીતે મળી ગયેલી છે. તેમ છતાં પ્રતિવાદીએ સદર નોટીસ નો કોઈ જવાબ આપેલ નથી કે અમો વાદીની બાકી લેણી રકમ પણ વસુલ આપેલ નથી. તેથી અમો વાદીની પ્રતિવાદી પાસેથી કાયદેસરની બાકી લેણી રકમ વસુલ લેવા પ્રતિવાદીની કસુરને કારણે હાલનો દાવો દાખલ કરવાની ફરજ પડેલ છે. આ દાવા ની તારીખ પછી થી પ્રતિવાદી પાસે લેણી રકમ વસુલ લેવાનો હકક અમો વાદીએ અનામત રાખેલ છે. વાદીની ખાતાવહી તેમજ સ્ટેટમેન્ટ મુજબ પ્રતિવાદીના ખાતામાં તા.૩૦/૧૧/૨૦૨૩ સુધીના વિધૃત વપરાશ ની બાકી લ્હેણી રકમ રૂા.૧૫,૬૮૯.૮ પૈસા તથા ડી.પી.સી. તળે રૂા.૪૦૨૯.૯૧ પૈસા મળી કુલ લેણી રકમ રૂા.૧૯,૭૧૯.૭૧ પૈસા (અંકે રૂપિયા

ઓગણીશ હજાર સાતસો ઓગણીસ અને ઈકોતેર પૈસા) બાકી લેણા રહે છે. દાવા અરજીના પેરા–૬ માં જણાવ્યા મુજબના અમો વાદીના પ્રતિવાદી પાસે બાકી રહેતા લેણા નાણા રૂા.૧૯,૭૧૯.૭૧ પૈસા (અંકે રૂપિયા ઓગણીશ હજાર સાતસો ઓગણીસ અને ઈકોતેર પૈસા) પુરાની રકમ વસુલ થતા સુધીના વાર્ષિક ૧૬% ના ચઢતા વ્યાજસહ તથા આ દાવાના તમામ ખર્ચસહ પ્રતિવાદી ની જાત–વ–હરેક મિલકતથી વસુલ અપાવો.

(૨) આ કામે દાવો દાખલ થતા, આ કામના પ્રતિવાદીને દાવાનો સમન્સ કાઢવામાં આવેલ, જેની ધોરણસર પ્રતિવાદીને બજવણી થઈ ગયેલ હોવા છતાં પ્રતિવાદી જાતે કે તેમના તરફે કોઈ વકીલ હાજર રહેલ નથી કે કોઈ અરજી કે દાવાનો જવાબ રજુ કરેલ નથી અને વાદી તરફે આંક–૦૮ થી સદર કામ એકતરફી ચલાવવાનો હુકમ કરવા અરજ કરતા, સદર અરજી લગત તા.૦૬–૦૩–૨૦૨૫ ના રોજ થયેલ હુકમ મુજબ હાલનો દાવો પ્રતિવાદી વિરૂધ્ધ એકતરફી ચલાવવાનો હુકમ કરવામાં આવેલ છે.

(૩) આ કામે વાદી સંસ્થા તરફે નીચે મુજબનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો આ કામે રજુ થયેલ છે:–

**–:: <u>મૌખિક અને દસ્તાવેજી પુરાવો</u> ::–**

| અ.નં. | દસ્તાવેજની વિગત | આંક |
|---|---|---|
| ૧ | વાદી તરફે સાહેદ કે.સી.પટેલ,<br>નાયબ ઈજનેર, સમીનાઓનું સરતપાસનું સોગંદનામું | ૧૦ |
| ૨ | ઓન લાઈન ડેટા | ૧૨ |
| ૩ | પરફોમા નં.૧૨ ની તમામ હીસ્ટ્રી અસલ. | ૧૩ |
| ૪ | બ્રીફ હીસ્ટ્રી ઓફ કેસ અસલ. | ૧૪ |
| ૫ | સબમીટેડ ફોર્મ અસલ. | ૧૫ |
| ૬ | કન્ઝયુમર પર્સનલ લેજર | ૧૬ |
| ૭ | વાદીએ પ્રતિવાદીને આપેલ નોટીસની સ્થળ પ્રત | ૧૭ |
| ૮ | આર.પી.એ.ડી.ની સ્લીપ | ૧૮ |
| ૯ | આર.પી.એ.ડી. મળ્યાની ઓન લાઈન પાવતી | ૧૯ |

આમ ઉપર મુજબનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો વાદી તરફે રજુ થયા બાદ આંક–૨૦ ની પુરસીસથી વાદી તરફે વધુ પુરાવો રજુ કરવા માગતા ન હોવાનું જાહેર કરતા, વાદી તરફે વિશેષ પુરાવો બંધ કરવામાં આવેલ છે અને આ કામે પ્રતિવાદી સામે એક તરફી ચલાવવાનો હુકમ થયેલ હોઈ તેમજ પ્રતિવાદી આ કામે હાજર રહેલ ના હોઈ કોઈ મૌખિક કે દસ્તાવેજી પુરાવો રજુ થયેલ નથી. બાદ આ કામે વાદીના વિ.વ.શ્રી દવારા મૌખિક દલીલો કરવામાં આવેલ છે.

(૪) આ કામે દાવાના નિર્ણય સારૂ આંક–૦૯ થી તા.૨૭–૦૩–૨૦૨૫ ના રોજ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત કરેલ છે :–

૧. શું વાદી સાબીત કરે છે કે, પ્રતિવાદી તેમના કાયદેસરના ગ્રાહક છે ?

૨. શું વાદી સાબિત કરે છે કે, તેમના આ કામના પ્રતિવાદી પાસેથી વીજ વપરાશના રૂા.૧૫,૬૮૯.૮ પૈસા તથા ડી.પી.સી. ચાર્જના રૂા.૪,૦૨૯.૯૧ પૈસા મળી કુલ રૂા.૧૯,૭૧૯.૭૧ પૈસાની રકમ બાકી લેણી નીકળે છે ?

૩. શું સદર લેણી રકમ ઉપર વાદી વ્યાજ મેળવવા હકકદાર છે ?

૪. શું વાદી માગ્યા મુજબની દાદ મેળવવા હકકદાર છે ?

૫. શું હુકમ અને હુકમનામું ?

(૫) ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણયો નીચે મુજબ છે:–

૧. હકારમાં.

૨. અંશત: હકારમાં.

૩. હકારમાં.

૪. અંશત: હકારમાં.

૫. આખરી હુકમ મુજબ.

(૬) ઉપરોકત મુદ્દાઓના નિર્ણયોના કારણો નીચે મુજબ છે :–

–:: **<u>કા ર ણો</u>** ::–

**(૬.૧) <u>મુદ્દા નં.૧ થી ૪</u>** :– ઉપરોકત તમામ મુદ્દાઓ પરસ્પર રીતે સંકળાયેલા હોવાથી ચર્ચાનું પુનરાવર્તન ટાળવાના આશયથી તમામ મુદ્દાની ચર્ચા એક સાથે કરવામાં આવેલ છે.

આ કામે વાદી તરફે તરફે દાવાના સમર્થનમાં આંક–૧૦ થી વાદી કંપની ના નાયબ ઈજનેરશ્રી કે.સી.પટેલનું સરતપાસનું સોગંદનામું રજુ કરેલ છે, જેમાં તેઓએ દાવા અરજીમાં જણાવ્યા મુજબની હકીકત જણાવી, દાવા અરજી ને સમર્થન આપેલ છે. તેઓએ મુખ્યત્વે જણાવેલ છે કે,

(૭) આ કામે વાદીની દાવા અરજી તેમજ તેઓ ધ્વારા રજુ કરવામાં આવેલ દસ્તાવેજી પુરાવાઓ તથા દલીલ જોતા પ્રતિવાદીએ વાદી કંપનીની વિજ બીલની રકમ નહી ભરેલ હોવાની હોવાની હકીકતો વાદી ધ્વારા રજુ કરવામાં આવેલ દસ્તાવેજી પુરાવાઓ ઉપરથી પુરવાર થાય છે. આ કામના વાદી પક્ષ ધ્વારા આ કામના પ્રતિવાદીને લીગલ નોટીસ પાઠવી હાલનો દાવો કરેલ છે. આ તમામ હકીકતોને પ્રતિવાદી ધ્વારા હાજર થઈ પડકારેલ નથી કે પ્રતિવાદી ધ્વારા કોઈપણ પ્રકારનો પુરાવો રજુ કરવામાં આવેલ નથી. જયારે વાદી પક્ષ ધ્વારા તમામ હકીકતો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓથી પુરવાર કરેલ છે. જયારે આ કામના વાદીની પ્રતિવાદી પાસેની લેણી રકમ ભરપાઈ કરવામાં પ્રતિવાદી નિષ્ફળ ગયેલ હોઈ વિલંબીત ચાર્જ બાદ કરતા બાકી રહેતી રકમ મેળવવા હકકદાર હોવાનું ઠરાવવામાં આવે છે. આમ જયારે વાદી કંપની ધ્વારા રજુ કરવામાં આવેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓ પુરવાર કરતા હોય તો તે નહીં માનવાને કોઈ કારણ જણાતું નથી. આમ વાદી પક્ષ ધ્વારા પોતે દસ્તાવેજી પુરાવાની હકીકતો સોગંદનામાં ઉપરથી પુરવાર કરેલાનું સ્પષ્ટપણે રેકર્ડ ઉપર આવે છે. આમ આ કામનાં વાદીએ પ્રતિવાદી પાસે વિજ બિલની રકમ તથા તેના ઉપર આંક–૧૦

માં જણાવ્યા મુજબની ડી.પી.સી. ચાર્જની રકમ સહિતની લેણી નિકળતી રકમ મેળવવા માંગણી કરેલ છે.

(૮) વધુમાં આ તબકકે નામદાર સુપ્રિમ કોર્ટે " Vidhyadahar V/s. anikrao" "Adivekka & Ors V/s. Hanamavva Korm Venkatesh & Ors " નો ચુકાદો વંચાણે લેવામાં આવે તો નામદાર સુપ્રિમ કોર્ટે એવી હકીકત પ્રતિપાદિત કરેલ છે કે, " It is a very well settled principle of law that where the party has not stepped into the witness box and did not come to deny the averments of the plaint of the plaintiff, the court can draw an adverse inference against him U/s. : 114(g) of Indian Evidence Act : 1872. It is also well settled by Hon'ble Supreme Court in the case of " idhyadahar V/s. Manikrao " reported in AIR 1999 SC 1441 CC.

The Hon'ble Apex Court in the case of "Adivekka & Ors V/s. Hanamavva Korm Venkatesh & Ors " reported in AIR 2007 SC 2005 Note - A Sec. 114 of Indian Evidence Act. " Non Examination of party to suit, adverse inference can be drawn against the party." So, as per the above referred Judgments of the Hon'ble Supreme Court, an adverse inference can be drawn against the present defendant.

(૯) આમ વાદી તરફે તપાસવામાં આવેલ સાહેદે તેઓના સોગંદનામામાં જણાવેલ હકીકતો દસ્તાવેજી પુરાવાથી પુરવાર કરેલાનું રેકર્ડ ઉપર સ્પષ્ટપણે જણાઈ આવે છે. હવે આ તબકકે વાદી આ કામના પ્રતિવાદી પાસેથી ડી.પી.સી. ની રકમ મેળવવા હકકદાર છે કે કેમ ? તે બાબતે જોઈએ તો બંને પક્ષકારોને તે બાબતેનો પ્રિવીટી

ઓફ કોન્ટેકટ થયેલ છે કે કેમ ? તે બાબતેનો કોઈ દસ્તાવેજી પુરાવો વાદી પક્ષે આ કામે રજુ કરેલ ન હોય તેવાં સંજોગોમાં વાદી કંપની પ્રતિવાદી પાસેથી ડી.પી.સી. ચાર્જની રકમ મેળવવા હકકદાર ઠરતા નથી તેવું અત્રેની કોર્ટનું નમ્રપણે માનવું છે. આ કામે વાદીની પ્રતિવાદી પાસેથી લેણી રકમ આ કામના વાદીએ હાલનો દાવો દાખલ કરેલ ત્યારથી ગણાય અને લેણી રકમ સબબ સમય મર્યાદા કાયદાની જોગવાઈ મુજબ ત્રણ વર્ષની અંદર દાખલ કરવાની હોય છે તે હકીકત નજર સમક્ષ રાખતા હાલના કામે વાદીએ નિયત સમય મર્યાદામાં દાવો દાખલ કરેલ હોય તેથી તે રકમ વાદીને મળતા પાત્ર છે.

હવે આ તબકકે વ્યાજ બાબતે જે વાદી તરફથી માંગણી કરવામાં આવેલ છે તે સંદર્ભે જોઈએ તો વાદી ધંધાકીય પ્રવૃતિ કરતી સંસ્થા હોઈ તે ધ્યાને લેતા તેમજ સી.પી.સી.ની કલમ– ૩૪ વંચાણે લેતા તેને બેન્ક રેટનાં પ્રવર્તમાન દર કરતા વધુ વ્યાજ આપી શકાય તેમ ન હોઈ ૬ % વધુમાં વધુ વ્યાજ અપાવવું યોગ્ય અને ન્યાયોચિત જણાતું હોવાનું અત્રેની કોર્ટનું નમ્રપણે માનવું છે.

આમ, ઉપરોકત કરેલ ચર્ચા મુજબ વાદી **મુદ્દા નં. ૧ અને ૩** પુરવાર કરવામાં સફળ રહેલ હોઈ, જેથી **મુદ્દા નં. ૧ અને ૩** નો જવાબ હકારમાં ઠરાવવામાં આવે છે અને વાદી **મુદ્દા નં. ૨ અને ૪** પુરવાર કરવામાં અંશત: સફળ થયેલ હોઈ, જેથી **મુદ્દા નં. ૨ અને ૪** નો જવાબ અંશત: હકારમાં ઠરાવવામાં આવે છે અને **મુદ્દા નં. ૫** અં ગે ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## **–:: હુકમ ::–**

- વાદીનો દાવો અંશત: મંજુર કરવામાં આવે છે.
- વાદી સંસ્થા આ કામના પ્રતિવાદી પાસેથી રૂા.૧૯,૭૧૯.૭૧ પૈસા (અંકે રૂપિયા ઓગણીશ હજાર સાતસો ઓગણીસ અને ઈકોતેર પૈસા)દાવાની તારીખથી વસુલ થાય ત્યાં સુધી વાર્ષિક ૬ (છ) ટકાના

વ્યાજ સાથે પ્રતિવાદીની જાત વ હરેક પ્રકારની મિલકતથી વસુલ મેળવવા હકકદાર છે તેવો હુકમ કરવામાં આવે છે.

- વાદીને થયેલ દાવાનો તમામ ખર્ચ પ્રતિવાદીએ ચુકવવો અને પ્રતિવાદીએ પોતાનો ખર્ચ પોતે ભોગવવો.
- આ હુકમ મુજબ હુકમનામું દોરવું.

આ હુકમ આજ તા.**૨૩મી,** માહે **એપ્રિલ,** સને **૨૦૨૬** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

મુ.સમી.
તા.૨૩–૦૪–૨૦૨૬

**(વિજયકુમાર મુળજીભાઈ વણકર)**
પ્રિન્સીપાલ સીનીયર સીવીલ જજ,
સમી.
UIC No.GJ 01161

BJV